જન્મદિને વધામણી

પ્રવીણસિંહ રાઠોડ
મો. ૯૭૨૩૮ ૩૧૭૬૧

ઝંકૃતિ ચંદ્રકાન્ત રાવલ
મો. ૯૭૨૬૧ ૬૬૧૧૩

પારૂલ નિખિલ બક્ષી
મો. ૯૮૨૪૦ ૬૦૧૨૯

કિરીટ પાઠક
મો. ૯૩૨૭૧ ૧૨૨૧૨

જય વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭

યુગ મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૧૪૦૧ ૮૦૨૯૪

એસ. જી. પ્રાથમિક શાળામાં લોકનૃત્ય સ્પર્ધા

એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં બુધવારે ધોરણ-પથી૮ના વિદ્યાર્થીઓમાં હાઉસ પ્રમાણે લોકનૃત્યની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લ્યુ હાઉસ હાઉસે તામિલનાડુ,યલો હાઉસે રાજસ્થાન ,ઓરેંજ હાઉસે પંજાબ, ગ્રીન હાઉસે ગુજરાત તેમજ રેડ હાઉસે આસામ રાજયનાં લોકનૃત્ય રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં રેડ હાઉસનો પ્રથમ ક્રમે વિજય થયો હતો.

કેએસવી ફેકલ્ટી ઑફ એજ્યુકેશનમાં ગરબા ઉત્સવ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, સેક્ટર-૨૩, ગાંધીનગરની એસ એસ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર એચ પટેલ ઇંગ્લિશ મીડિયમ બીએડ કૉલેજ અને વકીલ શ્રી ડી એચ પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન દ્વારા તાલીમાર્થીઓ માટે ગરબા મહોત્સવ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન પ્રો. ડૉ. વીણાબેન પટેલ, કૉલેજના એચઓડી, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં ગરબા મહોત્સવની ઉત્સાહી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નવરાત્રી નિમિત્તે ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બધા જ વિદ્યાર્થીઓ, સિક્ષકો, સંચાલકોએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરી સળંગ ચાર કલાક સુધી ગરબાની રમઝટ બોલાવી હતી. વિદ્યાર્થીઓ સાથે ગરબે ઘૂમતા શિક્ષકોની હાજરીથી અનેરો માહોલ સર્જાયો હતો. માતાજીની સમૂહ આરતીથી આરંભ કરીને ૫૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ગરબા મહોત્સવને માણ્યો હતો. આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ટ્રસ્ટી હિનાબેન, ડિરેક્ટર શૈલેષ પંડ્યા, જયેન્દ્ર પાઠકની ઉપસ્થિતિમાં યોજાયેલો આ ગરબા મહોત્સવ સંસ્થા માટે એક સંભારણું બની રહ્યો હતો. સતત અભ્યાસના દબાણ નીચે રહેતા વિદ્યાર્થીઓ આનંદભર્યા વાતાવરણમાં મા અંબાના ગરબા કરીને અભ્યાસના ટેન્શનને થોડા સમય માટે વિસરી ગયા હતા.

મહિલાઓ સ્વજાગૃત બનીને પોતાના સ્વાસ્થ્યને ઉત્તમ રાખી શકે

ગાંધીનગર, તા. ૨૭

સ્તન કેન્સર આજના આધુનિક સમયમાં પણ આપણા સમાજમાં સ્વાસ્થ્ય માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. ખાસ કરીને મહિલાઓમાં થઈ રહેલાં સ્તન કેન્સરના નિદાન માટે અત્યાધુનિક ટેકનોલૉજી અને વહેલું નિદાન કરી તેના બચાવની શક્યતાઓને વધારી શકાય છે, સવિશેષ, મહિલાઓમાં મહત્તમ લોકજાગૃતિ ફેલાવવા માટે એડલાઈફ ફાઉન્ડેશન ખૂબ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે, જેમાં સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદ પણ તમામ સ્તરે મદદરૂપ થઈ રહી છે. આ સેવા પ્રકલ્પને સતત આગળ વધારવાના ભાગરૂપે શહેરના જાણીતા ડૉક્ટર્સની હાજરીમાં એક વિશેષ કાર્યક્રમનું આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સ્તન કેન્સર સારવાર તથા તેની અગમચેતી માટેના પ્રયત્નો દર્શાવતી એક માહિતી પુસ્તિકાનું આ પ્રસંગે શિવાનંદ આશ્રમના અધ્યક્ષશ્રી પ.પૂ. સ્વામી શ્રી અધ્યાત્મનંદજી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

'તમસો મા જ્યોતિર્ગમય' – કાર્યક્રમમાં સ્તન કેન્સર થયા બાદ તેની પર વિજય મેળવી પુન સ્વસ્થ જીવન મેળવ્યું હોય તેવી મહિલાઓ અને તેમના પરિજનો, નગરજનો તથા સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ અને એડલાઈફ ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ઉદબોધન આપતા શિવાનંદ આશ્રમના અધ્યક્ષ શ્રી, અધ્યાત્મનંદજી એ સ્વસ્થ જીવન જીવવાની કળા અને રોગ પર વિજય મેળવવા માટે સામાન્ય વ્યક્તિ પણ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખી શકે –તેવી બાબતો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતુ વ્યક્તિ આહાર નિયમન, યોગ્ય દિનચર્યા, હકારાત્મકતા, શારીરિક વ્યાયામ, મહિલાઓ ખાસ કરીને સ્વ-જાગૃત બનીને પોતાના ઉત્તમ સ્વાસ્થ્યને યથાવત રાખી શકે છે. આજે અનાવૃત થયેલી પુસ્તિકા "સ્તનની વાત – સામાન્ય સમજ અને સંભાળ" માં મહિલાઓ માટે એક સ્વાસ્થ્ય સખીની ગરજ સારે તે પ્રમાણે એડલાઈફ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ કાર્યક્રમ વિશે વિસ્તૃત માહિતી આપતા સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદના જાણીતા કેન્સર રોગ નિષ્ણાત ડૉ. સોમેશ ચંદ્રા એ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો મુખ્ય આશય સ્ત્રીઓમાં સ્તન કેન્સરની સમસ્યાઓ વિશે માહિતગાર કરવી, જો સ્તન કેન્સર થાય તો અદ્યતન ટેકનોલૉજી વડે વહેલું નિદાન કરી તેના સંભવિત નુકશાનથી બચાવવા માટે છે. આજ રોજ જે પુસ્તિકા જન-સામાન્ય માટે સુલભ કરવામાં આવી છે, તેમા સ્તન કેન્સરની વિગતો, જોખમો, જાત તપાસ , વહેલા નિદાન દ્વારા થનારા લાભો વિગેરેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. રેડિયોલૉજી વિભાગમાં સેવારત ડૉ. અર્પણા શુક્લાએ જણાવ્યું કે, સ્ત્રીઓમાં વધતા સ્તન કેન્સરની સામે મહિલાઓમાં તેના વિશેની જાણકારી વધારવી ખૂબ આવશ્યક છે અને સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ તથા એડલાઈફ ફાઉન્ડેશન આવા ભગિરથ કાર્યનો એક નમ્ર પ્રયાસ કરે છે. પહેલાના સમયની તુલનામાં અત્યારે નવી ડિજીટલ ટેકનોલૉજી ઉપલબ્ધ છે જેમાં ટોમો સિન્થેસિસના કારણે વધુ પ્રમાણમાં નાનામાં નાના કેન્સરનું નિદાન પણ થઈ શકે છે. હાલમાં ગુજરાતમાં આ ટેક્નોલૉજી માત્ર સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલમાં ઉપલબ્ધ છે.

એડલાઈફ ફાઉન્ડેશનના ટ્રસ્ટી નમિષા ગાંધીએ આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા ક્યાંથી મળી અને આ નવિન પહેલ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, એડલાઈફ ફાઉન્ડેશન દ્વારા કેન્સર જાગૃતિ માટે શહેરી વિસ્તાર જ નહીં, પરંતુ ગ્રામિણ સ્તરે પણ અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. "સ્તનની વાત – સામાન્ય સમજ અને સંભાળ" પુસ્તિકા મહિલાઓને નિશુલ્ક વહેચવામા આવનાર છે. આ પુસ્તિકા ખૂબ જ મહત્વપૂર્ણ માહિતીનો સંગ્રહ છે, જે પ્રત્યેક મહિલાએ જાણવી ખૂબ જરૂરી છે.

ખેલ મહાકુંભ અંતર્ગત

વિવિધ રમતોમાં આર જી - એસ જી સ્કૂલની વિદ્યાર્થીનીઓનો ઉત્તમ દેખાવ

ગાંધીનગર, તા. ૨૭

ખેલ મહાકુંભ અંતર્ગત ઝોન કક્ષાની સ્પર્ધાઓ તાજેતરમાં યોજવામાં આવી હતી. બહેનોની કબડ્ડી, ખો-ખો, વૉલીબૉલ, ચેસ અને ઍથ્લેટિક્સની સ્પર્ધાઓ આ ક્રમમાં યોજવામાં આવી હતી.

શ્રીમતી આર જી પટેલ કન્યા સેકન્ડરી અને શ્રીમતી એસ બી પટેલ કન્યા હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિવિધ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યા હતા. કબડ્ડી અને વૉલીબૉલમાં શાળાએ દ્વિતિય, ખો-ખોમાં તૃતિય, ઍથ્લેટિક્સમાં ૨૦૦ મીટર દોડમાં દ્વિતિય, ૪૦૦ મીટર દોડમાં તૃતિય, ઊંચી કૂદમાં પ્રથમ, ચકફેંકમાં દ્વિતિય અને ચેસમાં દ્વિતિય વિજેતા ક્રમ મેળવી જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

તમામ વિદ્યાર્થીનીઓને શાળાનાં વ્યાયામ શિક્ષક ઉર્વશીબેન જોષી દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા તમામ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

(૧) ભારતના કયા બંદરનું નામ બદલીને દિનદયાલ બંદર રાખવામાં આવ્યું છે ?
(એ) પારાદિપ
(બી) કંડલા
(સી) મર્માગોઆ
(ડી) હલ્દિયા

(૨) ઈસરો મિશન મંગલયાને કક્ષામાં કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે ?
(એ) ૧ (બી) ૨
(સી) ૩ (ડી) ૪

(૩) કયા રાજનેતાને છ વર્ષ માટે તૃણમુલ કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ?
(એ) રૂપા ગાંગુલી (બી) ડેરેક બ્રાયન
(સી) તથાગત રોય (ડી) મુકુલ રોય

(૪) ખેલ મંત્રાલયે તાજેતરમાં કઈ મહિલા ખેલાડીને દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મભૂષણ' આપવાની જાહેરાત કરી છે ?
(એ) પી વી સિંધૂ (બી) જ્વાલા ગટ્ટા
(સી) અશ્વિની (ડી) વૈષ્ણવી રેડ્ડી

(૫) ૨૦૧૭માં એશિયાઇ ઈન્ડોર રમતોમાં કયા પહેલવાને ગોલ્ડ મેડલ જિત્યો છે ?
(એ) સુશીલ કુમાર (બી) બજરંગ
(સી) યોગેશ્વર દત્ત (ડી) અખિલકુમાર

(૬) મકાઉ ઓપન સ્કવૉશ ટુર્નામેન્ટ જીતનાર મોહંમદ અબોલઘર કયા દેશનો ખેલાડી છે ?
(એ) મલેશિયા (બી) ઓસ્ટ્રેલિયા
(સી) મિશ્ર (ડી) તુર્કી

(૭) તાજેતરમાં કયા દેશમાં મહિલાઓને ડ્રાઇવિંગ કરવાની મંજૂરી આપવામાં આવી છે ?
(એ) બહેરીન (બી) ઇજિપ્ત
(સી) જોર્ડન (ડી) સાઉદી અરબ

(૮) કઈ બેન્કે ગ્રાહકોને રાહત આપતા બચત ખાતામાં ઓછામાં ઓછું બેલેન્સ રૂા. ૫ હજારથી ઘટાડીને રૂા. ૩ હજાર કરી દીધું છે ?
(એ) પંજાબ નેશનલ બેન્ક (બી) ભારતીય સ્ટેટ બેન્ક
(સી) દેના બેન્ક (ડી) બેન્ક ઓફ બરોડા

(૯) તાજેતરમાં કયા દેશે આંતરિક કારણોસર વ્હોટ્સઍપ પર પ્રતિબંધ લગાવી દીધો છે ?
(એ) ચીન (બી) પાકિસ્તાન
(સી) મલેશિયા (ડી) ઉત્તર કોરિયા

(૧૦) તાજેતરમાં કયા રાજ્યના ૨૧ ધારાસભ્યોને લાભનું પદ ભોગવતા હોવાના કારણે વેતન ભથ્થાં બંધ કરી દેવામાં આવ્યાં છે ?
(એ) દિલ્હી (બી) કેરલ
(સી) કર્ણાટક (ડી) બિહાર

કલોલના કવિની કમાલ... આ સૂર્ય પર પડદો કરીને રાત હું કરું !

શૈલેષ પંડ્યા 'ભીનાશ' ઈન્ડિયા બૂક્સ ઑફ રેકર્ડ્સમાં ટીવી કાર્યક્રમ માટે બબ્બે વાર સ્થાન પામી ચૂક્યા છે : જીટીપીએલ ચેનલ પર 'કાવ્યરસ' તથા 'ખેતી અને ખેડૂત' એમના સર્વાધિક જોવાતા કાર્યક્રમો છે : 'નિખાલસ' નામનો એમનો કાવ્યસંગ્રહ સાહિત્ય જગતમાં પ્રીતિને પાત્ર ઠર્યો છે

કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' એટલે મૂળ તો એ મુશાયરાનો જીવ. એમની કાવ્ય પ્રસ્તુતિ કાબિલેદાદ... કાવ્ય મહેફિલનું સંચાલન એકદમ રસાળ અને મોજ પમાડે એવું, એમનો એક શેર તો જુઓ -

બેસી શકો તો એક ભીની વાત કરું,
આ સૂર્ય પર પડદો પાડી રાત કરું !

અંગ્રેજી સાથે એમએબીએડ થઈને જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનમાં ડિપ્લોમા કરનાર આ કવિ-સર્જક મૂળ તો ગુજરાતી સાહિત્યના રસિક છે. ગુજરાતમાં ઘેરઘેર જે ચેનેલે એનો વ્યાપ વધાર્યો છે એવી જીટીપીએલ પર એમના બે કાર્યક્રમો 'કાવ્યરસ' અને 'ખેતી અને ખેડૂત' તો સર્વાધિક જોવાતા કાર્યક્રમો છે. આ વર્સેટાઇલ કવિએ જીટીપીએલ પર એમનો કાવ્યરસ કાર્યક્રમ શરૂ કર્યાને સળંગ ૬૩ હપ્તા પૂર્ણ કર્યા છે. આ ચેનલ પર ૧૩૦ કવિઓ અને એમાંય ૬૫ કવયિત્રીઓ એમની કાવ્ય પ્રસ્તુતિ કરી ચૂક્યાં છે.

કાવ્યરસમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન', માધવ રામાનૂજ, સ્વ. ચિનુ મોદી, તુષાર શુક્લ, ભાગ્યેશ જ્હા, મણીલાલ હ પટેલ, હરિશ મિનાશ્રુ, ભાવેશ ભટ્ટ, ભાવિન ગોપાણી જેવા ખ્યાતનામ કવિઓ આવી ચૂક્યા છે તો પ્રજ્ઞા વશી, જીજ્ઞા ત્રિવેદી, ગોપાલી બુચ, લતા હીરામી જેવાં શ્રેષ્ઠ કવયિત્રીઓ પણ કાવ્યપાઠ કરી ચૂક્યાં છે.

મૌન રહેતી ટેવ સારી લાગશે,
આપણી વાતોય પ્યારી લાગશે.

આવું કહેતા કવિ શૈલેષ પંડ્યાનું સંચાલન કાબિલેદાદ છે. આ કાર્યક્રમમાં અનેક નવોદિત કવિઓને પણ ટચૂકડે પડદે ચમકવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જરા મજાની વાત એ કે આ કાર્યક્રમમાં ડિરેક્ટર, કવિ, એન્કર, એક્ટર અને રાઇટર એમ પાંચ ભૂમિકાઓ એમણે સફળતાપૂર્વક પાર પાડી અને એની નોંધ ઈન્ડિયા બૂક્સ ઓફ રેકર્ડમાં લેવાઈ છે !

આ કવિ પાછા ખેડૂત અને ખેતી જેવા બિલકુલ ગ્રામીણ કાર્યક્રમ સાથે આવે છે. ખેતર-પાક અને ખેતીની વિવિધ જાણકારી, ખેડૂત મુલાકાત, આધુનિક અને આધ્યાત્મિક ખેતીની વૈવિધ્યસભર માહિતીથી તેઓ ગામેગામ પહોંચ્યા છે. આ પ્રોગ્રામ પણ એના સળંગ ૪૧ હપ્તા પૂર્ણ કરી ચૂક્યો છે. ખેડૂતો પોતાનું જ્ઞાન વધારવા અને આધ્યાત્મિક ખેતીની માહિતી મેળવવા ખાસ આ ચેનલ ટ્યુન કરે છે. એક્કા પર એક્કાની જેમ શૈલેષ

પંડ્યાનો આ કાર્યક્રમ પણ ઈન્ડિયા બૂક્સ ઑફ રેકર્ડ્સમાં સ્થાન પામ્યો છે. કોઈ એક જ વ્યક્તિના બબ્બે કાર્યક્રમનો રેકર્ડ નોંધાયો હોય એવી પણ આ પ્રથમ જ ઘટના છે !

કવિ શૈલેષ પંડ્યાનો કાવ્યસંગ્રહ 'નિખાલસ' રન્નાદે પ્રકાશન અને સાહિત્ય અકાદમીના સહયોગથી બહાર પડ્યો છે. આ સંગ્રહની વિશેષતા એ છે કે એમણે છેલ્લાં દશકના કવિઓ અને એમની માહિતીનો રસપ્રદ ઇતિહાસ મૂક્યો છે. આ સંગ્રહમાં ગઝલ, અછાંદસ, ગીત એમ બધાં પ્રકારનો સમાવેશ છે. ગુજરાતીમાં બહુ ઓછો ખેડાયેલો ફ્રેંચ કાવ્ય પ્રકાર ટ્રાયોલેટ પણ આમાં સમાવાયો છે.

કદી ઘટના બનીને પણ હૃદયની પાર જાવું છે,
સમય જો સાથ આપે તો સમયની પાર જાવું છે.

આવા અનેક શેર સાથે આ કવિ મહેફિલ સજાવે છે અને સ્ટેજ સંચાલન પણ કરે છે. કવિઓ સાથેની ગોષ્ઠિ કરે છે તો એનું નાટકીય રૂપાંતર પણ કરે છે. આ કવિ હવે બીજા બે કાર્યક્રમ 'વાતો માબાપની' અને 'કિચન ગાર્ડનિંગ' સાથે દિવાળી બાદ નવી ઈનિંગ શરૂ કરી રહ્યા છે.

કવિ શૈલેષ પંડ્યાએ ફિલ્મ 'બેશક'નાં ગીતો પણ લખ્યાં છે અને આવનારી બે ગુજરાતી ફિલ્મો 'મજાની લાઈફ' અને 'સમય' માટે પણ ગીતો લખ્યાં છે. ગુજરાતી સાહિત્યના અનેક કાર્યક્રમોનું સંચાલન કરે છે, તો તેઓ મુખ્ય વક્તા તરીકે પણ સ્થાન શોભાવે છે. આકાશવાણી, દૂરદર્શન અને જીટીપીએલ પર એમનો ગઝલ, ગીત, સુગમ સંગીતનો કાર્યક્રમ દર્શાવાય છે.

એમનો અન્ય એક કાર્યક્રમ 'સ્વર સંગમ' એ માત્ર ગુજરાતી સુગમ સંગીત પર આધારિત છે. જેમાં નવા અને જાણીતા એમ બંને પ્રકારના ગાયકો પોતાની પ્રસ્તુતિ કરતા રહે છે. ટૂંકમાં કહીએ તો તેઓ એકસાથે અનેક ક્ષેત્રે સવારી કરે છે.

મલ્ટીપલ રેકર્ડ ધરાવતા શૈલેષ પંડ્યાએ પોતાની સંસ્થા 'મહાકાલ એજ્યુકેશન' દ્વારા સાહિત્ય, સંગીત અને મીડિયા ક્ષેત્રે અવનવાં કાર્યો કર્યા છે. કલોલમાં ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે અવારનવાર કાર્યક્રમ કરતાં કવિ શૈલેષ પંડ્યાને નવોદિત કવિઓને પ્રસ્તુત કરવામાં વિશેષ આનંદ આવે છે.

એક ઔર વાહ

દિવાળીના દિવસે પ્રસ્તુત થનારા કાવ્યરસના વિશેષ કાર્યક્રમમાં તેઓ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા રઘુવીર ચૌધરી સાથે મુલાકાત અને એમનાં કાવ્યો પ્રસ્તુત કરી રહ્યા છે. એમના જ એક શેર સાથે અસ્તુ કરીએ,

એકાદ ક્ષણ પણ કોકનું આવી મળી જવું,
ખાસ્સું ગમ્યું એ શ્વાસમાં પાછું ભળી જવું !